ગાંધીનગર સમાચાર
તા. ૨૧-૩-૨૦૧૪, શુક્રવાર

તંત્રી સ્થાનેથી....

અડવાણીનાં રિસામણાં-મનામણાં

જેમ ગુનેગારનો નાર્કો ટેસ્ટ અને બ્રેઈન મેપિંગ કરી સત્ય સુધી પહોંચવાનો પ્રયાસ કરાય છે એ જ રીતે રાજકીય ખેલંદાઓની આંતરચેતનાનું એનાલિસિસ કરવામાં આવે તો એમની અસલિયત પ્રકાશમાં આવ્યા વગર ન રહે. ગાંધીનગરની બેઠક પર નરેન્દ્ર મોદી દ્વારા જ દગો થવાનો ડર સતાવતો હોવાથી અડવાણીએ એમના વિશ્વાસુ શિષ્ય શિવરાજના આશ્રયે જવાનું વિચાર્યું, પરંતુ મોદીને એ વલણ પોતાની કારકિર્દી માટે જોખમ ભર્યું વરતાતાં એ મમત પર ચડી ગયા અને અડવાણીને ધરાર ગાંધીનગરની બેઠક બઝાડી દીધી. સંઘનું બ્રહ્માસ્ત્ર ઉગામી એમને શાંત કરી દીધા. એક જ પક્ષ અને લક્ષ્ય સાથે જોડાજોડ બેસીને સત્તાનાં સમીકરણો માંડતા રાજકારણીઓનું માંહ્યલું પોત કેવું પાતળું હોય છે એની પ્રતીતિ ભારતીય જનતા પાર્ટીના ભીષ્મ પિતામહના વલોપાત અને વિવશતામાં પ્રતિબિંબિત થાય છે. અડવાણી ભાજપના સંસ્થાપક રાષ્ટ્રીય નેતા છે, પરંતુ એમની એ ઓળખ હવે જૂની થઈ ગઈ છે. હવે તો પાર્ટી માટે એમની હેરિટેજ વેલ્યૂ જ બચી છે. એમના નામે ચૂંટણી જીતી શકાય એમ હોત તો રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે દમ મારીને એમને હાંસિયે ધકેલી દેવાનો ખેલ ન જ પાડ્યો હોત. અડવાણી માટે આ અપમાનજનક સ્થિતિમાં સક્રિય રાજકારણમાં ટકવું દોહ્યલું છે. પરંતુ નરેન્દ્ર મોદીને ધરાર બળજબરી પૂર્વક એમના આ ઘડવૈયાની ઈચ્છા વિરુદ્ધ પક્ષના પ્રચારનાં સૂત્રો સોંપી દેવાથી લઈ છેલ્લે વડાપ્રધાનપદના ઉમેદવાર તરીકે ઠોકી બેસાડાયા તે બધું અડવાણીએ એક ખાનદાન પરિવારના વડીલની જેમ સહન કરે રાખ્યું એની પાછળ બે મહત્વની શકયતાઓ છુપાયેલી છે. સંઘના વડાએ નરેન્દ્ર મોદી અને પક્ષપ્રમુખ રાજનાથ સહિત બધા વરિષ્ઠ અગ્રણીઓને વારંવાર એમને પૂછીને, એમના અભિપ્રાયને લક્ષમાં લઈ સામૂહિક નિર્ણય લેવાની સુફિયાણી સલાહ આપી છે, પરંતુ નરેન્દ્ર મોદીની પ્રકૃતિથી વાકેફ હોઈ તેઓ કયારેય એમનો ભરોસો કરતા નથી. અડવાણીને હાથે કરેલાં હૈયે વાગ્યાં છે. કેશુભાઈ પટેલ, કાશીરામ રાણા, સુરેશ મહેતા અને ડૉ. એ.કે. પટેલ જેવા ગુજરાત ભાજપના જૂના જોગીઓને બલકે ખુદ તત્કાલીન વડાપ્રધાન વાજપેયીને ધરાર અવગણીને એમણે ગુજરાતની ગાદી નરેન્દ્ર મોદીને અભરામનંદાવે લખી આપી ત્યારે એમને સ્વપ્રે પણ કલ્પના નહીં હોય કે કયારેક એ જ મોદી એમનો એકડો કાઢી નાખશે અને પોતે બનાવેલી પાર્ટીને 'હાઈજેક' કરી જશે. આજે સર્વેક્ષણ કરવામાં આવે તો વિશ્વના સૌથી દુખિયારા અને ઓશિયાળા નેતા તરીકે લાલકૃષ્ણ અડવાણીનું જ નામ આવે. જ્યારે જ્યારે અડવાણીએ પાર્ટીના નિર્ણયોથી નારાજ થઈ રિસામણાં લીધાં છે ત્યારે એના મૂળમાં નરેન્દ્ર મોદી જ હોય છે. પરંતુ નરેન્દ્ર મોદી સંઘના 'બ્લ્યુ આઈડ બૉય'- લાડકવાયા રાષ્ટ્રીય નેતા બની ગયા છે. ધાર્યાં નિશાન પાડવામાં વચ્ચે નડતરરૂપ તમામનો ક્રૂરતાપૂર્વક ખુરદો બોલાવવાની કીલિંગ ઈન્સ્ટિંકટ ધરાવતા મોદીએ ગુજરાતના વરિષ્ઠ નેતાઓની જેમ એમના કહેવાતા ગુરુજનને પણ એમના કદ મુજબ વેતરી નાખવાના અંગત મિશનમાં ધારી સફળતા હાંસલ કરી છે. અગાઉ જયારે નારાજ થયા ત્યારે પણ છેલ્લા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની દરમિયાનગીરી થતાં જ અડવાણી વાણિયામુછ નીચી વાળા ન્યાયે ઠંડા પડી ગયા હતા. આ વખતે બરાબર ગ્રહણ ટાણે સાપ કાઢીને બેસી ગયા તે એમની કોઈ ચાલ નહોતી. જો પાર્ટીની પ્રારંભિક ચાર યાદીઓમાં પણ પોતાનું નામ ન આવે તો દેખીતું છે કે સૌથી વરિષ્ઠ ગણાતા નેતાને માઠું તો લાગે જ. થોડા દિવસો પૂર્વે મતવિસ્તારની મુલાકાતે આવેલા ત્યારે પોતે ગાંધીનગરથી જ ચૂંટણી લડવા માગતા હોવાની જાહેરાત કરી હતી. પરંતુ નરેન્દ્ર મોદીની ધાકમાં કોઈએ એ અંગે ન તો ઉમળકો દાખવ્યો કે ન એમને નોતરું પાઠવ્યું. પરંતુ મોદીએ અડવાણીને એમની હેસિયત બતાવી દેવાની ધૂનમાં છે ક છેલ્લે સુધી પત્તાં ન ખોલ્યાં. જયારે પાણી માથા પર થઈને વહી જતું લાગ્યું ત્યારે પ્રદેશ ભાજપના પ્રવકતા પાસે અડવાણી પણ ગુજરાતની ગાંધીનગરની બેઠક પરથી ચૂંટણી લડે એવી લાગણી દર્શાવાઈ. જયારે એમની બેઠક પર કાર્યકરોએ મોદી અને અમિત શાહનાં નામો ચલાવવા માંડ્યાં ત્યારે અકળાઈને એમણે ભોપાલની સુરક્ષિત બેઠક ભણી મોં ફેરવ્યું હતું. ભોપાલની બેઠક પરથી ચૂંટાયેલા ભાજપનાં સાંસદ અને મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી કૈલાસ જોષીએ રાજીખુશીથી પોતાની બેઠક અડવાણી માટે ખાલી કરવાની તૈયારી દર્શાવી અને અડવાણીએ એ ઑફર સ્વીકારી પણ લીધી. બાપડા-બિચારા થઈને મોદીના આંગળિયાત જેવી ઓશિયાળ વેઠીને ગાંધીનગરની બેઠક પરથી લોકસભામાં પહોંચવા કરતાં માનસન્માન પૂર્વક રંગેચંગે શિવરાજસિંહના પરોણા બનવું શું ખોટું?

ગાંધીનગરમાં આવેલી કલ્યાણજીનું પરુ પ્રાથમિક કન્યા અને કુમાર શાળાના કુલ ૧૫૦ જેટલા વિદ્યાર્થીઓએ નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર-સેકટર-૨૩-ગાંધીનગરની મુલાકાત લીધી હતી. જેમાં વિદ્યાર્થીઓએ સાયન્સ મ્યુઝિયમના સિધ્ધાંતો સમજાવતા મોડેલોની માહિતી મેળવી હતી તેમજ બાયો ટેકનોલોજી કોર્નરની મુલાકાત લીધી હતી. જેની રસપ્રદ માહિતી હાર્દિકભાઈ મકવાણા અને શિવાંગ પટેલ દ્વારા આપવામાં આવી હતી.

હરિની દૃષ્ટિ...

આ વખતે ખુદ ગણપતિ પણ કન્ફ્યુઝ લાગે છે, એક બાજુ પંજો બતાવે છે અને બીજા હાથમાં કમળ...! શું લાગે છે સાહેબ.

આજે સિટી પલ્સ ઓપન ઍર થિયેટર ખાતે નાટક 'ગમતાંનો કરીએ ગુલાલ' ભજવાશે

નગરના કલાકાર સ્વ. પિનાકીન વાઘેલાની સ્મૃતિમાં કરાયેલું આયોજન તરોતાજા સામાજિક નાટકને માણવા જાહેર જનતાને વિનામૂલ્યે પ્રવેશ

ગાંધીનગર, તા. ૨૦

નગરના સ્વર્ગસ્થ કલાકાર પિનાકીન વાઘેલાની સ્મૃતિમાં તા. ૨૧ માર્ચ ને શુકવારે જી ઈ કલબ દ્વારા તરોતાજા સામાજિક નાટક 'ગમતાંનો કરીએ ગુલાલ'નું આયોજન કરવામાં આવ્યું છે. જાહેર જનતાને આ નાટક માણવા માટે નિઃશુલ્ક પ્રવેશ આપવામાં આવશે.

રાજ્ય સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ તરફથી આ નાટક તૈયાર કરવા માટે આર્થિક સહાય પૂરી પાડવામાં આવી છે અને નાટ્યસુમન કલા ટ્રસ્ટ, અમદાવાદ બૅનર તળે અમદાવાદનાં જાણીતા નાટ્ય નિર્માતા પૂર્વી જાડાવાલા દ્વારા આ નાટકનું નિર્માણ તથા પ્રકાશ જાડાવાલા દ્વારા દિગ્દર્શન કરવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે પૂર્વી-પ્રકાશ જાડાવાલા દ્વારા નિર્મિત-દિગ્દર્શિત નાટક 'ખુશાલીનો વન્સમોર' છેલ્લાં બે વર્ષથી સફળતાપૂર્વક ચાલી રહ્યું છે અને તેણે રાજ્ય તથા રાજ્ય બહાર ૧૦૦ ઉપરાંત સફળ શોની હારમાળા સર્જી છે.

એ જ સફળતમ ટીમ હવે 'ગમતાંનો કરીએ ગુલાલ' નામે એક તરોતાજા સામાજિક નાટક લઈને આવી છે, જેમાં ભાસ્કર શુક્લ અને ભાર્ગવ જોષી જેવા ખ્યાત કલાકારોની સાથે ધવલ સોની, છાયા શુક્લ, કાજલ સોની, શચી જોશી, ઉર્વેશ ઠક્કર, રિષભ મોદી અને મનિષ ગોર અભિનયનાં અજવાળાં પાથરી રહ્યા છે.

ગાંધીનગર-અમદાવાદની જનતાના લાભાર્થે કલાકાર સ્વ. પિનાકીન વાઘેલાની સ્મૃતિમાં નગરની સંસ્થા જી ઈ કલબ દ્વારા આ નાટકનો જાહેર શો નંદન મહેતા ઓપન ઍર થિયેટર, સિટી પલ્સ કૅમ્પસ, ગાંધીનગર-કોબા હાઈવે ખાતે શુકવારે રાત્રે ૯ કલાકે યોજવામાં આવ્યો છે. આ નાટક માણવા માટે કોઈ પ્રવેશ પાસની આવશ્યકતા નથી એમ જણાવતાં સૌ કલારસિકોને કલબના પ્રમુખ કુંતલ નિમાવત તરફથી હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

અમદાવાદની એમ.બી. પટેલ રાષ્ટ્રભાષા કોલેજમાં થેલેસેમિયા નિદાન કૅમ્પ યોજાયો

અમદાવાદ, તા. ૨૦

અમદાવાદના એલિસબ્રિજ વિસ્તારમાં આવેલી એમ.બી. પટેલ રાષ્ટ્રભાષા કોલેજમાં થેલેસેમિયા નાબૂદી અભિયાન અંતર્ગત 'થેલેસેમિયા ટેસ્ટ'નું આયોજન કરાયું હતું. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

થેલેસેમિયા એ બાળકને જન્મથી વારસામાં મળતી બિમારી છે. જેમાં બાળકના શરીરમાં લોહી બનતું જ નથી. આ કારણથી તેને હંમેશા બીજાના લોહી પર જીવવું પડે છે. બાળક ખૂબ નાનું હોય ત્યારે એક મહીને એક બોટલ લોહી ચઢાવવું પડે છે. જેમ જેમ બાળક મોટું થતું જાય તેમ તેમ નિશ્ચિત સમયાંતરે નિયમિત લોહી ચઢાવવું પડે છે. આવા બાળકોને સતત બહારનું લોહી ચઢાવવાને કારણે બીજી અનેક તકલીફોનો સામનો કરવો પડે છે. બાળક જયારે પાંચ વર્ષનું થાય ત્યારથી તેને આઠ કલાક ચાલે તેવું ઈન્જેકશન પેટ પર આપવામાં આવે છે. જે નિયમતિ લેવું પડે છે. આમ આ બિમારી પાછળ બાળકનું કુટુંબ શારીરિક, માનસિક, આર્થિક અને સામાજિક રીતે પાયમાલ થઈ જાય છે.

થેલેસેમિયા માઈનર હોવું એ કોઈ બિમારી નથી પરંતુ જો પતિ પત્ની બંને થેલેસેમિયા માઈનર હોય તો આવનારું બાળક થેલેસેમિયા મેજર જન્મે છે. આથી થેલેસેમિયા માઈનર ઘટક ધરાવનારે થેલેસેમિયા નોર્મલ ઘટક ધરાવતી વ્યકિત સાથે જ લગ્ન કરવા જોઈએ જેથી બાળક થેલેસેમિયાની બિમારીનો શિકાર બનતા અટકે. આ બાબતને ધ્યાનમાં રાખીને જ કોલેજના યુવા વિદ્યાર્થીઓને પોતાના લોહીના ઘટકને ઓળખવાના ઉદ્દેશથી આ થેલેસેમિયા નિદાન કેમ્પ યોજવામાં આવ્યો હતો જેથી લગ્ન સમયે તેઓ પોતાના પાત્રની પસંદગી યોગ્ય રીતે કરી શકે. થેલેસેમિયાનો હજુ સુધી સચોટ ઈલાજ શોધાયો ન હોવાથી થેલેસેમિયા ગ્રસ્ત ગર્ભસ્થ શિશુને જન્મ ન આપવો તેવો મત પ્રવર્તે છે.

સુપરસ્ટાર અમિતાભ બચ્ચન પણ થેલેસેમિયા માઈનર છે આવી રસપ્રદ માહિતી સાથે યોજાયેલા આ નિદાન કેમ્પમાં ૪૭ વિદ્યાર્થીઓના ટેસ્ટ કરવામાં આવ્યા હતા જેમાં માત્ર ચાર વિદ્યાર્થીઓ થેલેસેમિયા માઈનર ઘટક ધરાવતા માલુમ પડયા હતા. આ સમગ્ર કાર્યક્રમનું રેડક્રોસ સોસાયટીના સહકારથી પ્રોગ્રામ ઓફિસર ડૉ. ભગીરથ ભટ્ટે સંચાલન સંભાળ્યું હતું.

ટાટ માટે એમએસસી આઈટી અને સીએના વિદ્યાર્થીઓને બીએડમાંથી મુક્તિ આપવા માંગ : ચર્ચાવિચારણાનો દોર

પરીક્ષા માટેની ઓનલાઈન અરજી મુદત વધારવા માંગ

અમદાવાદ, તા.૨૦

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા તાજેતરમાં શિક્ષકની ટાટ પરિક્ષામાં એએસસી આઈટી અને સીએના વિદ્યાર્થીઓ માટે પણ બીએડ ફરજીયાત બનાવવામાં આવ્યં છે. જેના પ્રત્યે ઉમેદવારોમાં રોષની લાગણી જોવા મળી રહી છે. ઉમેદવારો દ્વારા ટાટ પરીક્ષામાં એમએસસી આઈટી અને સીએના વિદ્યાર્થીઓને બીએડમાંથી મુક્તિ આપવા માટે માંગણી કરવામાં આવી રહી છે અને ઓનલાઈન અરજીની તારીખમાં ૧૫ દિવસનો વધારો કરી આપવાની માંગણી અને સરકાર માંગણી નહીં માંગે તો કોર્ટમાં જવાની ચિમકી પણ આપી હતી. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા કોમ્પ્યુટરના શિક્ષકની ભરતી માટે ટાટ પરીક્ષાની જાહેરાત કરવામાં આવી છે. આ પરીક્ષા આપવાની લાયકાતમાં એમસીએ કરેલ વિદ્યાર્થીઓને બીએડમાંથી મુક્તિ આપવામાં આવી હતી. જયારે માસ્ટર ઓફ ઈન્ફોર્મેશન ટેકનોલોજી એન્ડ કોમ્પ્યુટર એપ્લીકેશનની ડિગ્રી ધરાવતા વિદ્યાર્થીઓને પરીક્ષા માટે બીએડની ડિગ્રી ફરજીયાત લાયકાતમાં મુકવામાં આવી છે. જેને કારણે આ કોર્ષનાં વિદ્યાર્થીઓએ રજુઆત કરી છે કે, એમસીએ કોઈ પણ વિદ્યાશાકામાં ધરાવતો સ્નાતક એડમીશન લઈ શકે છે જયારે એમએસસીમાં કોમ્પ્યુટર વિષય સાથે સ્નાતક હોય તેજ એડમીશન મેળવી શકે છે. એમસીએમાં પ્રથમ કોમ્પ્યુટરનું પ્રાથમિક માહિતી તથા લેગ્વેજ જ રહે છે જયારે એમએસસી કોમ્પ્યુટરમાં ડિગ્રી અથવા ડિપ્લોમા કરેલ જેને એડમીશન આપવામાં આવતું હોવાથી તે પહેલાથી જ કોમ્પ્યુટરના જાણકાર હોય છે. એમએસસીની લાયકાત એમસીએ કરતા ક્યાંય વધુ હોવાથી તેને પણ એમસીએની જેમ બીએડમાંથી મુક્તિ આપવાની માંગણી કરવામાં આવી છે.હાલમાં કોમ્પ્યુટર શિક્ષક ટાટ પરીક્ષાની છેલ્લી તારીખ પણ ચાલી ગઈ હોવાથી એમએસસી આઈટી એન્ડ સીએને બીએડમાંથી મુક્તિ આપીને પરીક્ષાની તારીખ ૧૫ દિવસ વધારી આપવાની માંગણી કરી હતી અને જો આમ નહીં કરવામાં આવે તો હજારો વિદ્યાર્થીઓ ના છૂટકે કોર્ટનો આશરે લેવો પડશે તેવી ચિમકી અપાઈ છે.

રક્ષાશક્તિ પેપર લીક કેસમાં ખુશાલી વિક્રાંતની અટકાયત

અમદાવાદ, તા.૨૦

રક્ષાશક્તિ યુનિવર્સિટીની કારકુનની ભરતીના પેપર લીક મામલે અગાઉ કાઈમબ્રાન્ચે ત્રણ આરોપીની ધરપકડ કરી હતી. ત્યારબાદ આ મામલાની મહિલા આરોપી ખુશાલી વિક્રાંતની પણ ધરપકડ કરાઈ છે. ખુશાલી વિક્રાંત પંડ્યાએ કારકુનની ભરતીની લેખીત પરીક્ષામાં ૧૦૦માંથી ૯૨ ગુણ મેળવ્યા હતા જ્યારે ઈન્ટરવ્યૂમાં ગુણ મેળવતા પેપર લીક થયા હોવાનો મામલો સપાટી પર આવ્યો હતો. જેના આધારે પસંદગી સમિતીને શંકા જતા કાઈમબ્રાન્ચને આ મામલાની તપાસ સોંપાઈ હતી. અમદાવાદ કાઈમબ્રાંચે આ મામલાના આરોપી નિહાલ ઉર્ફે બંટી, સુરેશ શિવાજી વાઘેલા, પારસકુમાર મનહરભાઈ સાંથલકર અગાઉને પકડી પાડ્યા હતા ત્યારબાદ ગત મોડી સાંજે આરોપી ખુશાલી વિક્રાંત પંડ્યાની તેના ઘરેથી ધરપકડ થઈ હતી. ખુશાલી વિક્રાંત પંડ્યા પરણિત છે તેમજ તે ખાનગી કંપનીમાં ટેલિકોલર તરીકે કામ કરે છે. કાઈમબ્રાન્ચને તપાસ દરમ્યાન પેપર છાપકામ દરમ્યાન લીક થયાનું જણાતા તેના આધારે છાપકામ સાથે સંકળાયેલા ત્રણ કર્મચારીની ધરપકડ કરી હતી. આરોપી પારસ અને પરીક્ષા આપનાર ખુશાલી એક જ ઓફીસમાં કામ કરતા હતા તે દરમ્યાન ખુશાલીએ પોતે કારકુનની પરીક્ષા આપવાની છે તેવી વાત કહી હતી. તેથી આરોપી પારસે રક્ષાશક્તિ યુનિવર્સિટી પેપર જે પ્રેરમાં છપાય છે ત્યાં નોકરી કરતા નિહાલ ઉર્ફે બંટીને પેપર આપવાની વાત કરી હતી.

સજીવ ખેતી- આજની સમજ અને આવતીકાલની જરૂરીયાત

વિચારોના મધુવનમાં
પ્રા. ડૉ. રાકેશ પટેલ

ખાતરી શી?
સાચી વાચ
સાવ સાચી વાત!
આ ખોરાકની શુદ્ધતાની ખાતરી શી?
ચિંતા છે કરવી સૌના ભવિષ્યની લોકોના આરોગ્યની
મા ધરતીના આરોગ્યની
અને
પાયમાલ થતા ખેડૂતોની,
બજારમાં જઈએ ત્યારે ઓર્ગેનિક ફૂડ અને દેશી ગોળ
સૌ વિશે જાણવાનો ઈરાદો જગાડવો જરૂરી છે!
કેરી વહેલી આવે તે ઝેરી જ હોય
પાવડરથી પકવેલી જ હોય
મહિના પછી કુદરતી રીતે
પાકેલી કેરીની મજા કંઈ જુદી જ હોય!

સવારનાં પહોરમાં ઉઠતાંની સાથે ધરતી પર પગ મૂકતા આપણે બોલીએ છીએ, 'હે! ધરતી માતા મને માફ કરજે. હું તારો ઋણી છું. તને ઘણી તકલીફ આપું છું.' ધરતી આપણી માતા છે ચાર માતાઓથી આપણું જીવન પોષાય છે. (૧) ધરતી માતા (૨) તુલસી માતા (૩) નદી માતા (૪) જે માતાની કૂખે આપણો જન્મ થાય છે તે માતા.

ધરતી જે વનસ્પતિને પોષે એ વનસ્પતિથી જીવોનું પોષણ થાય. આ જમીન રેતીના બારીક કણોની બનેલી નથી. ચોરસ ઈંચ જેટલી જમીનમાં કરોડો જીવાણુઓ છે એ નરી આંખે જોઈ શકતા નથી. જીવાણોથી ઉભરાતી જમીન જીવતી જમીન છે. જેટલા જીવાણુઓ વધુ એટલી જમીનની પેદા કરવાની તાકાત વધું. જમીનમાંના જીવાણુઓ ઘટે કે નાશ પામે તો ઉત્પાદન ઘટે. જમીનમાં જીવાણુઓ વધે એવી ખેતી તે સજીવ ખેતી.

આ જીવાણુઓ મરે એવા ખાતરોને જંતુનાશક દવાઓ વાપરીને થતી ખેતી નિર્જીવ ખેતી. જે ખાતરોને જંતુનાશક દવાઓ આ જીવાણુઓનો નાશ કે, જમીનનું પોત બગાડે, પાણીને પણ બગાડે છે.

માંદી જમીનમાં ઊછરેલાં છોડ મોટા અને લીલાછમ દેખાય પણ માંદા હોય. તેના પર જે ધાન કે ફળ પેદા થાય તે પણ માંદા ને જે ખાય તે પણ માંદા થાય. માંદો છોડ ઝડપથી રોગનો ભોગ બને. અને બચાવવા ભયંકર ઝેરી દવાઓ છાંટવી પડે. આ દવા પાન પર પડે. પાનમાંથી અનાજમાં ભળે. અનાજ મારફતે ઝેર આપણાં શરીરમાં જાય. દવાનો મોટો ભાગ જમીન પર પડે. તે પાણીમાં ઓગળે. પાણી પણ ઝેરવાળું બને. ઝેર ખોરાક મારફત માણસના શરીરમાં દાખલ થાય. માનવજાત કેન્સર જેવા ભયંકર રોગનો ભોગ બને. રોગ સામે ટકી રહેવાની શક્તિ ઘટી. દવાને ડોકટરોના ખર્ચા વધતા જ જાય.

નાશ ધીમે ધીમે આવે છે. પહેલાં વૃક્ષો કપાય છે. પછી જમીનમાંનું પાણી ઊંડું ઊતરતું જાય છે. પછી પશુની સંખ્યા ઘટે અને છેવટે માણસને મરવાનો વારો આવે. મરવું હોય તો વૃક્ષો કાપો, જીવવું હોય તો વૃક્ષો વાવો. એક ટન કાગળ માટે ૧૨ મોટ વૃક્ષો કપાય છે.

જંતુનાશક દવાઓના સંપર્કમાં આવતાં જ આપણા સ્વાસ્થ્ય ઉપર તેની તત્કાળ હાનિકારક અસરો જોવા મળે છે. તાત્કાલિક અસરોમાં આંખ, નાક અને ગળામાં બળતરા થવી, પાણી નીકળવું, ચચરાટી થવી અને ખાંસી થવી વગેરે છે. લાંબાગાળાની અસરોમાં કેન્સર, મગજ અને ચેતાતંત્ર પર થતી અસરો અને પ્રજનનતંત્રની બિમારીઓ વિશેષ થાય છે. આંતરરાષ્ટ્રીય સંશોધનોથી હવે એવું સાબીત થયું છે કે જંતુનાશક દવાઓ માનવ- કેન્સર સાથે સંબંધ ધરાવે છે. બાળકોની અંદર જ આ જોખમ સૌથી વધારે છે. અમેરિકા, યુરોપીય દેશો, બ્રાઝિલ અને ચીનમાં થયેલા અભ્યાસોથી એવું જણાયું છે કે ખેતીમાં જંતુનાશક દવાઓના છંટકાવ કરતા ખેડૂતોનાં સંતાનોમાં લોહીનું કેન્સર, મગજનું કેન્સર, લસિકાગ્રંથિઓનું કેન્સરની ગાંઠ અને મૂત્રપિંડ તથા ચામડીના કેન્સરનું પ્રમાણ વધારે હોય છે.

માનવ સર્જીત રસાયણોએ માનવજાતિના ભાવિને વિષમય બનાવ્યું છે. આપણે ભવિષ્યને સુરક્ષિત બનાવવું હોય તો જંતુનાશક દવાઓ વિનાની સલામત ખેતીનો વિકલ્પો શોધવો જ રહ્યો. આપણી સમક્ષ ખાદ્યન્નનું ઉત્પાદન વધારવો નહીં.

ખેતરને એક સમગ્રતાવાળું પર્યાવરણીય એકમ સમજવું જોઈએ. જો ખેતર પરની ઈકોલોજીના ભાગ તરીકે સેન્દ્રિય ખાતરો વાપરવામાં આવે તો તેમની તાકાતનો સાચો ખ્યાલ આવે. જમીનમાં જીવો, પાકોની વિવિધતા, જળ સંરક્ષણ, વાડ, વૃક્ષો, પક્ષીઓ, અળસિયાં, દેડકાં વગેરે ભેગાં થઈને આ ઈકોલોજી તૈયાર કરે છે. ખેતીની પેદાશ એ આ ઈકોલોજીની નીપજ છે ખેતર પર ઊભેલો છોડ સમગ્ર ખેતર સાથે- તેની ઈકોલોજી સાથે- આંતરસંબંધો બાંધીને જ આપણને પેદાશ આપે છે. છોડને માત્ર વ્યક્તિગત એકમ તરીકે ન ગણવો જોઈએ.

જમીનમાં ચાલતી વિવિધ પ્રક્રિયાના નિયંત્રણ માટે જમીનના આ જીવોમાંના અળસિયાં તથા ઊધઈ જમીનની ગુણવત્તા તથા પોષણચક્રને જાળવવામાં ઘણો અગત્યનો ભાગભજવતા હોય છે. સજીવ ખેતીમાં જમીનને તેની ભૌતિક, રાસાયણિક તથા જૈવિક લાક્ષણિકતાઓ ધરાવતાં જીવંત ઘટક તરીકે ગણવામાં આવે છે. અળસિયાં તો જમીનની નાડીના ધબકારા છે. જેટલા ધબકારા વ્યવસ્થિત તેટલી જમીન પણ તંદુરસ્ત!

અળસિયાં ધરાવતી માટીમાં બેકટેરિયા, ફૂગ, એકટીનો માઈસીટસ, પોરોઝુઆ જીવાત, કરોળિયા, હજારીપગનું પ્રમાણ ખૂબ હોય છે. આ સૂક્ષ્મ જીવો જમીનને તંદુરસ્ત તથા ફળદ્રુપતા બક્ષે છે. આવાં અળસિયાંની હાજરી એ જમીનની ફળદ્રુપતા માપવા માટેનો જૈવિક માપદંડ છે. અળસિયાં કચરાનું વિઘટન કરે છે.

'જતન' જેવી અનેક સંસ્થાઓ એ જાગૃત વપરાશ કર્તાઓ પર્યાવરણ પ્રેમીઓ, ખેડૂતો અને વિજ્ઞાનીઓનો સહિયારો મંચ છે. 'જતન ટ્રસ્ટ' અનેક વર્ષોથી ગુજરાતમાં સજીવ ખેતીના પ્રસારનું કામ કરે છે. છેલ્લા ઘણા વર્ષોથી વડોદરામાં રસાયણ મુક્ત ખોરાકનું વિતરણ કેન્દ્ર ચલાવે છે. (અમદાવાદમાં ઓર્ગેનિક ફૂડ, વસ્ત્રાલ તળાવ નજીક, આયુષ્માન ઓર્ગેનિક નામની દુકાનમાં પ્રાપ્ત છે.)

વિશ્વ આરોગ્ય સંસ્થાઓના અંદાજ મુજબ દુનિયાભરમાં દર વર્ષે જંતુ નાશકોથી ૩૦ લાખ લોકોને ઝેર ચડે છે અને તેમાંનાં ૨ લાખ મૃત્યુ પામે છે. ખેતર પર કામ કરનાર બે કરોડ ૫૦ લાખ ને ઝેરની અસર થાય છે. ભારતમાં પણ તેની વિઘાતક અસરો જોવા મળે છે. વડોદરામાં પ્રાપ્ય શાકભાજીમાં સામાન્ય કરતાં સેંકડો ગણા વધારે પ્રમાણમાં કોમીયસ, નિકલ અને સીસુ હોય છે. આ ભારે ધાતુઓ શરીરના ચકૃત, મૂત્રપીંડ અને ચેતાતંત્રને કાયમી નુકસાન પહોંચાડે છે. યુએન ના અહેવાલ મુજબ દર વર્ષે ૨૦ લાખ લોકોને ઝેર ચડે છે. તે પૈકી ૨૨૦૦૦ મૃત્યુ પામે છે.

ભારતીય બાળકો માતાના ધાવણ દ્વારા દૈનિક માન્ય માત્રા કરતા ૧૧ થી ૨૦ ગણુ લીન્ડેન રોજ ચૂસે છે! ધાવણમાંની ૧ કિલો ચરબી દીઠ ૫.૪ મીલી ગ્રામ ડીડીટી અને ૪.૭ મિલિગ્રામ બીએચસી જોવા મળ્યું. જંતુનાશકોની ઝેરી અસર પામનારા દર્દીઓના અડધોઅડધ ૧૦ વર્ષથી નાના બાળકો હોય છે.

સજીવ ખેતીની પેદાશો વાપરવાના ફાયદા

(૧) તે ઝેરી જંતુનાશકો વાપર્યા સિવાય પકવેલી હોવાથી તેમાં ઝેરી રસાયણોના અવશેષો હોવાની શકયતા ઘણી ઓછી છે.

(૨) તેના પ્રોસીસિંગ, સ્ટોરેજ અને ટ્રાન્સપોર્ટ દરમિયાન કયાંય કૃત્રિમ રસાયણો વપરાતાં નથી.

(૩) સજીવ ખેતીથી પકવેલ સફરજન, બટેટા, ઘઉંમાં રાસાયણિક રીતે પકવેલ ચીજો કરતા ૬૩ ટકા વધુ કેલ્શિયમ, ૭૩ ટકા વધુ લોહ, ૧૧૮ ટકા વધુ મેગ્નેશિયમ, ૧૧૮ ટકા વધુ મોલિબ્ડેન, ૯૧ ટકા વધુ ફ્રઓસ્ફરસ, ૧૧૫ ટકા વધુ પોટેશીયમ અને ૬૦ ટકા વધુ જસત હોય છે.

(૪) સજીવ ખેતીની પેદાશો જીનેટિકલી મોડીફાઈડ ઓર્ગેનિઝમ મુક્ત હોય છે. સ્કોટલેન્ડમાં શોધાયું છે કે આવા બટેટા ખવરાવવાથી ઉંદરોના પાચનતંત્રમાં સોજો આવી ગયો હતો અને તેમની રોગપ્રતિકારક શક્તિ ઘટી ગઈ હતી. આવા ખોરાકની માનવજાતને ટેવ નથી અને તેનાથી એલર્જી ઉપરાંત અનેક રોગોની શકયતા છે.

(આભાર-જતન, વિનોબા આશ્રમ, વડોદરા)